PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST :
1). Assistant Professor, Sanskrit, Class-II (ADF) Advt No. :74/2016-17
2). Assistant Professor, Philosophy, Class-II (AEG) Advt No. :77/2016-17
3). Assistant Professor, Sociology, Class-II (AFH) Advt No. :78/2016-17
4). Assistant Professor, Psychology, Class-II (AGI) Advt No. :79/2016-17
5). Assistant Professor, Computer, Class-II (AHJ) Advt No. :89/2016-17
Date of Preliminary Test : 12/2/2017
Date of Publish : 22/2/2017
Subject : General Studies ( 001 to 100 )

**001.** ચિત્રકલાના વિકાસ માટે ભાવનગરના મહારાજા તખ્તસિંહે ભારતના ક્યા પ્રખ્યાત ચિત્રકારને પોતાના રાજ્યમાં નિમંત્રિત કરેલા?

(A) અમૃતા શેરગિલ
(B) અવનીન્દ્રનાથ
(C) રાજા રવિવર્મા
(D) નંદલાલ બોઝ

**002.** નીચેના પૈકી ક્યું કાનનું ઘરેણું નથી?

(A) સોનિયો
(B) દડો
(C) ત્રીટી
(D) વેઢલા

**003.** 2016 ના વર્ષનો જ્ઞાનપીઠ એવોર્ડ કોને મળેલ છે?

(A) ભાલચન્દ્ર નેમાડે
(B) કેદારનાથ સિંઘ
(C) રઘુવીર ચૌધરી
(D) શંખ ઘોષ

**004.** ચેન્ઈના સંગ્રહાલયમાં સચવાયેલું નટરાજનું શિલ્પ કઈ નૃત્યકલાનો સર્વોત્તમ નમૂનો છે?

(A) કથકલી
(B) ભરતનાટ્યમ
(C) નાદન્ત
(D) કુચીપુડી

**005.** વર્ષ 2015 માં નૃત્ય ક્ષેત્રમાં સંગીત નાટક એકેડમી એવોર્ડ મેળવનારની 'અ' યાદી અને શેમાં એવોર્ડ મળેલ છે તે 'બ' યાદીને યોગ્ય રીતે જોડીને વિકલ્પ પસંદ કરો.

| 'અ' | 'બ' |
|---|---|
| (i) રંગનાયકી જયરામન | (1) કુચીપુડી |
| (ii) જી. પદ્મમણ્ય રેડ્ડી | (2) મોહિનીઅટ્ટમ |
| (iii) શરોદિની સાઈકિયા | (3) શાસ્ત્રીય સંગીત |
| (iv) મંદાકિની ત્રિવેદી | (4) ભરતનાટ્યમ |

(A) (i)-4, (ii)-2, (iii)-1, (iv)-3
(B) (i)-4, (ii)-3, (iii)-2, (iv)-1
(C) (i)-4, (ii)-1, (iii)-2, (iv)-3
(D) (i)-4, (ii)-1, (iii)-3, (iv)-2

006. વડોદરામાં ઈ. સ. 1890 માં ''કલાભવન''ની સ્થાપના નિમ્નદર્શિત ક્યા હેતુ માટે કરવામાં આવેલ હતી?

(A) ચિત્ર અને શિલ્પકલાના પ્રોત્સાહન માટે

(B) તાંત્રિક શિક્ષણ આપવા માટે

(C) પર્ફોમીંગ આર્ટસના વિકાસ માટે

(D) ઓરિએન્ટલ સ્ટડીઝના પ્રોત્સાહન માટે

007. નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી ક્યો વિકલ્પ સાચો નથી?

(A) આંધ્રપ્રદેશ-કુચીપુડી
(B) તામિલનાડુ-ભરતનાટ્યમ
(C) મધ્યપ્રદેશ-કાલબેલિયા
(D) ઉત્તરપ્રદેશ-કથક

008. ડૂબી ગયેલ દ્વારકાની શોધ કરવાનું શ્રેય ક્યા ભારતીય પૂરાતત્ત્વવિદને ફાળે જાય છે?

(A) બી. બી. લાલ
(B) એસ. આર. રાવ
(C) બી. એન. મિશ્રા
(D) આર. એસ. બિસ્ત

009. નીચે દર્શાવેલ પુસ્તક અને તેના લેખક સંદર્ભમાં ક્યો વિકલ્પ સાચો નથી?

(A) લેટર્સ ફ્રોમ એશિયા - રવિન્દ્રનાથ ટાગોર

(B) ભવાની મંદિર - અરવિંદ ઘોષ

(C) પ્રીજન ડાયરી - જવાહરલાલ નહેરૂ

(D) સોવિયત એશિયા - જવાહરલાલ નહેરૂ

010. ગુજરાતમાં ગ્રંથાલયના પુરસ્કર્તા કોને ગણવામાં આવે છે?

(A) એલેકઝાન્ડર કિન્લોહ ફોબ્સ
(B) ફતેહસિંહ ગાયકવાડ
(C) રાવ ખેંગારજી ત્રીજા
(D) મોતીભાઈ અમીન

011. કોલસામાં ક્યા પ્રકારનો કોલસો સૌથી ઊંચી કક્ષાનો છે?

(A) બિટ્યુમિનસ
(B) એન્થ્રેસાઈટ
(C) લિગ્નાઈટ
(D) પીટ

**012.** ઝવેરચંદ મેઘાણી લિખિત 'પુરાતન જયોત' શાનું પુસ્તક છે?

(A) પ્રાચીન વાર્તાઓ
(B) પ્રાચીન કવિઓ
(C) જીવનકથાઓ
(D) ચારણો દ્વારા કહેવાતી લોકવાર્તાઓ

**013.** ભારતમાં રાષ્ટ્રીય હવાઈમથકોની સંખ્યા કેટલી છે?

(A) 60
(B) 63
(C) 65
(D) 66

**014.** નીચેના વિધાનો વાંચો :

(1) રેલ્વે એન્જિનોનું નિર્માણ પશ્ચિમ બંગાળમાં ચિતરંજન, ઉત્તર પ્રદેશમાં વારાણસી અને ઝારખંડમાં જમશેદપુરમાં થાય છે.

(2) મુસાફરો માટેના ડબ્બા પેરામ્બૂર, બેંગલોર, કપૂરથલા અને કલકત્તામાં બને છે.

(A) માત્ર વિધાન-1 સાચું છે
(B) માત્ર વિધાન-2 સાચું છે
(C) બંને વિધાન ખોટા છે.
(D) વિધાન 1 અને 2 સાચા છે.

**015.** તામિલનાડુના 'રાનીખેત' ખાતે ભારતનું સૌપ્રથમ કારખાનું પ્રસ્થાપિત કરવામાં આવેલ તે ક્યા ઉદ્યોગને સંબંધિત છે?

(A) સિમેન્ટ ઉદ્યોગ
(B) રસાયણ ઉદ્યોગ
(C) ખાતર ઉદ્યોગ
(D) એલ્યુમિનિયમ ગ્રામણ ઉદ્યોગ

**016.** ભારતમાં સર્વપ્રથમ વિન્ડફાર્મ ક્યા રાજ્યમાં શરૂ કરવામાં આવેલ હતું?

(A) ગુજરાત
(B) તામિલનાડુ
(C) મહારાષ્ટ્ર
(D) કેરળ

**017.** ભારતનું સૌથી મોટું જળવિદ્યુત મથક કઈ નદી પર આવેલું છે?

(A) કાવેરી
(B) કૃષ્ણા
(C) નર્મદા
(D) તાપી

**018.** નીચે દર્શાવેલ ક્યા પુરાતત્ત્વ સ્થળેથી પાષાણયુગથી લઈને હડપ્પા સંસ્કૃતિ સુધીના સાંસ્કૃતિક અવશેષો મળેલ છે?

(A) આમરી (B) કોટદિજી

(C) મહેરગઢ (D) કાલીબંગન

**019.** વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ એશિયામાં ભારતનું સ્થાન કેટલામું છે?

(A) પ્રથમ (B) ચોથું

(C) પાંચમું (D) સાતમું

**020.** ગુજરાત રિફાઈનરીમાં ખનીજ તેલની આડપેદાશો કેરોસીન, સ્પિરીટ ઉત્પન્ન થાય છે, તેને પાઈપ લાઈન દ્વારા ક્યાં મોકલવામાં આવે છે?

(A) હજીરા (સૂરત) (B) મથુરા

(C) સાબરમતી (અમદાવાદ) (D) જામનગર રિલાયન્સ

**021.** અ અને બ યાદીને યોગ્ય રીતે જોડીને સાચો વિકલ્પ પસંદ કરો.

| 'અ' | 'બ' |
|---|---|
| (i) તાંબુ | (1) વિમાન |
| (ii) બોક્સાઈટ | (2) રંગ |
| (iii) અબરખ | (3) રંગીન કાચ |
| (iv) સીસું | (4) કેરોસીનના શુધ્ધિકરણમાં |

(A) (i)-1, (ii)-2, (iii)-4, (iv)-3 (B) (i)-3, (ii)-4, (iii)-2, (iv)-1

(C) (i)-3, (ii)-1, (iii)-2, (iv)-4 (D) (i)-3, (ii)-4, (iii)-1, (iv)-2

**022.** લૂસાઈ ટેકરીઓ ક્યા રાજ્યમાં આવેલી છે?

(A) મિઝોરામ (B) નાગાલેન્ડ

(C) મણિપુર (D) મેઘાલય

**023.** પાછા ફરતા મોસમી પવનોની બાબતમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) આ પવનો ભારતના ભૂમિ ભાગો તરફથી સમુદ્ર તરફ જાય છે.

(2) જમીન ભેજવાળી હોય છે. દિવસે તાપમાન વધી જાય છે. રાત્રી ઠંડી અને ખુશનુમા હોય છે.

(3) આકાશ સ્વચ્છ હોય છે.

(4) આ પવનોનો ગાળો સપ્ટેમ્બરથી નવેમ્બર સુધીનો હોય છે.

(A) 1, 2 અને 4 સાચા છે. (B) 2, 3, 4 સાચા છે.

(C) 1, 2 અને 3 સાચા છે. (D) 1, 3 અને 4 સાચા છે.

**024.** ભારત સરકારની હવામાન કચેરીએ ભારતની આબોહવાના સંદર્ભમાં સમગ્ર વર્ષની ઋતુઓને કેટલા ભાગમાં વહેંચણી કરેલ છે?

(A) ત્રણ (B) ચાર

(C) છ (D) બે

**025.** ભારતમાં રાજ્યોની રચનાના સમયને ધ્યાને લઈને કાળક્રમાનુસાર રચાયેલા રાજ્યો પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરો.

(1) હિમાલય પ્રદેશ (4) ત્રિપુરા

(2) હરિયાણા (5) નાગાલેન્ડ

(3) આંધ્રપ્રદેશ (6) ગોવા

(A) 3, 2, 5, 1, 4, 6 (B) 3, 1, 5, 2, 4, 6

(C) 3, 2, 5, 4, 1, 6 (D) 3, 5, 2, 1, 4, 6

**026.** અંગ્રેજી શાસન દરમ્યાન સિવિલ સેવા માટે લેવામાં આવતી પરીક્ષામાં ઉપલી વય 21 વર્ષથી ઘટાડીને 19 વર્ષની ક્યા વાઈસરોયના સમયમાં કરવામાં આવી?

(A) લોર્ડ મેયો (B) લોર્ડ લિટન

(C) લોર્ડ કેનિંગ (D) લોર્ડ રિપન

**027.** ક્યા પ્રાચીન ભારતીય શહેનશાહની રાજાજ્ઞા/આદેશ ગિરનાર પર્વતના ખડક પર કોતરવામાં આવેલ છે?

(A) અશોક
(B) સમુદ્રગુપ્ત
(C) હર્ષ
(D) ઉપર પૈકી એકપણ નહી

**028.** સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજા એવા પ્રથમ ભારતીય શાસનકર્તા હતા કે જેઓએ.

(A) વડોદરામાં સ્વાતંત્ર્ય ચળવળની શરૂઆત કરી.
(B) ભારતીય સંઘમાં જોડાયા
(C) રાજ્યમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરી.
(D) રણજી ટ્રોફીને પ્રયોજીત કરી.

**029.** રાજકોટના ઠાકોર સાહેબ લાખાજી રાજસિંહજી બીજાની એક પ્રગતિશીલ રાજવી તરીકે ગણના થાય છે કારણ કે તેઓએ.

(A) 1923 માં સંપૂર્ણ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓની સભાની સ્થાપના કરી હતી.
(B) ઉદ્યોગો માટે 25% સબસીડી આપતા હતા.
(C) વિશ્વધર્મ પરિષદ બોલાવી હતી.
(D) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના રાજકોટ ખાતેના અધિવેશનની યજમાનગીરી કરેલ હતી.

**030.** શકસ્તાન (સૈસ્તાન) (Shakastan-Seistan) માંથી શકને ગુજરાતમાં આવવા માટેનું નિમંત્રણ ક્યા જૈન સાધુએ આપ્યાનું કહેવાય છે?

(A) શંકરાચાર્ય
(B) કલકાચાર્ય
(C) વલ્લભાચાર્ય
(D) આચાર્ય નાગાર્જુન

**031.** ક્યા ચીની યાત્રીએ ગુજરાતની મુલાકાત લીધી હતી?

(A) ઇત્સિંગ
(B) હ્યુએનસંગ
(C) ઉપરના બંને
(D) ઉપરના કોઈપણ નહી

**032.** ફ્રાન્સ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સૌ પહેલી વેપાર માટેની કોઠી નીચે દર્શાવેલ સ્થળો પૈકી ક્યા સ્થળે સ્થાપી હતી?

(A) મુસલીપટ્ટમ
(B) સૂરત
(C) પોંડીચેરી
(D) કલકત્તા

**033.** નીચે પૈકીના ક્યા કાવત્રામાં દોષિત ગણીને ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂ સહિત 19 ને ફાંસીની સજા ફરમાવવામાં આવેલ હતી?

(A) બનારસ (B) હાવડા

(C) ઢાકા (D) લાહોર

**034.** બ્રિટીશ સરકાર દ્વારા આયોજિત ત્રણ ગોળમેજી પરિષદો પૈકી કઇ ગોલમેજી પરિષદમાં કોંગ્રેસે ભાગ લીધો ન હતો?

(A) પહેલી (B) પહેલી અને બીજી

(C) પહેલી અને ત્રીજી (D) બીજી અને ત્રીજી

**035.** નીચે દર્શાવેલ રાજનીતિક સંસ્થાઓ અને તેના સ્થાપકને વિચારણામાં લઈને ક્યો વિકલ્પ સાચો નથી?

(A) મદ્રાસ નેટિવ એસોસીએશન - સી.બી. મુદલિયાર

(B) અમદાવાદ ટેક્સ્ટાઇલ લેબર એસોસીએશન - મહાત્મા ગાંધી

(C) બ્રિટીશ ઈન્ડિયન એસોસીએશન - દેવેન્દ્રનાથ ઠાકુર

(D) ફોરવર્ડ બ્લોક - સુભાષચન્દ્ર બોઝ

**036.** તા. 22 ઓગસ્ટ, 1947 ના રોજ સ્વતંત્ર ભારતનું પ્રથમ મંત્રીમંડળ રચવામાં આવેલ, તેમાં સમાવેશ થયેલ મંત્રીઓ અને ફાળવવામાં આવેલ ખાતાના સંદર્ભમાં ક્યો વિકલ્પ સાચો નથી?

(A) સરદાર બલદેવસિંહ-સંરક્ષણ (B) જગજીવનરામ-વાણિજ્ય

(C) ડૉ. જોથ મથાઇ-રેલવે તથા પરિવહન (D) રાજકુમારી અમૃત કૌર-આરોગ્ય

**037.** ‘‘સામાજિક ન્યાય સાથેનો વિકાસ’’ - તેમાં શું સમાવિષ્ટ છે?

(A) રાષ્ટ્રીય અથવા વ્યક્તિગત આવકમાં વધારો

(B) સામાજિક ન્યાય અને સમાન વહેંચણી

(C) ગરીબી નાબૂદી

(D) ઉપરના બધા જ

**038.** ભારતમાં ક્યા પ્રકારની ખાધનું નીતિવિષયક મહત્ત્વ ગણાતું નથી?

(A) મહેસૂલી ખાધ
(B) પ્રાથમિક ખાધ
(C) અંદાજપત્રીય ખાધ
(D) રાજકોષીય ખાધ

**039.** રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાયંધરી કાયદાની (National Rural Employment Act) બાબતમાં નીચેના પૈકી શું સાચું નથી?

(A) તે વર્ષ 2006 થી અમલમાં આવેલ છે.
(B) ગરીબ કુટુંબમાથી કામ કરી શકે તેવા એક સભ્યને વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની રોજગારી પૂરી પાડવાનો ઉદ્દેશ છે.
(C) શરૂઆતથી જ તેનું નામાભિધાન મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ બાયંધરી કાયદા તરીકેનું છે.
(D) લાભાર્થમાંથી ઓછામાં ઓછા 33 ટકા મહિલાઓ હોવી જોઈએ.

**040.** ''ઝીરો બેઈઝડ'' બજેટનો ભારતમાં સૌ પ્રથમ ક્યારે અમલ કરવામા આવેલ હતો?

(A) 1947
(B) 1983
(C) 1976
(D) 1991

**041.** આયોજન પંચ અનુસાર ભારતના ગ્રામીણ ક્ષેત્રમાં અને શહેરી વિસ્તાર માટે પ્રતિ વ્યક્તિને અનુક્રમે કેટલા કેલરી ન્યૂનતમ પૌષ્ટિક ખોરાક મળવો જોઈએ.

(A) 2400, 2100
(B) 2300, 2000
(C) 2000, 1800
(D) 2000, 1900

**042.** વિશ્વ વ્યાપાર મંડળ (WTO) કરાર ક્યારથી અમલમાં આવેલ છે?

(A) તા. 1-1-1994
(B) તા. 1-1-1995
(C) તા. 1-1-1996
(D) તા. 1-1-1998

**043.** જ્યારે સરકારના અંદાજપત્રકમાં મહેસૂલી ખાતા તથા મૂડી ખાતાની આવકો કરતાં મહેસૂલી ખાતા અને મૂડીખાતાનું ખર્ચ વધારે હોય ત્યારે ઉદ્ભવતી ખાધને શું કહે છે?

(A) મહેસૂલી ખાધ
(B) રાજકોષીય ખાધ
(C) અંદાજપત્રીય ખાધ
(D) પ્રાથમિક ખાધ

044. સુકન્યા સમૃધ્ધિ યોજનાની શરૂઆત ક્યારથી કરવામાં આવી?

(A) જાન્યુઆરી-15
(B) ફેબ્રુઆરી-15
(C) જાન્યુઆરી-14
(D) જાન્યુઆરી-16

045. વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને કેવા પ્રકારની પેદાશ કહે છે?

(A) શુધ્ધ રાષ્ટ્રીય પેદાશ
(B) કુલ રાષ્ટ્રીય પેદાશ
(C) શુધ્ધ આંતરિક પેદાશ
(D) કુલ આંતરિક પેદાશ

046. સિંચાઈથી સગવડો એ ક્યા પ્રકારનો ખર્ચ છે?

(A) વિકાસલક્ષી ખર્ચ
(B) બિનવિકાસલક્ષી ખર્ચ
(C) વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચ
(D) ઉપરના પૈકી એકપણ નહી

047. રાજ્યના અંદાજપત્રમાં વિકાસલક્ષી ખર્ચ તરીકે નીચેની બાબત દર્શાવેલ છે.

(1) સામાજિક સેવાઓ પાછળ થતો મૂડી ખર્ચ.
(2) આર્થિક સેવાઓ પાછળ થતો મૂડી ખર્ચ

(A) વિધાન-1 સાચું છે.
(B) વિધાન-2 સાચુ છે.
(C) વિધાન-1 અને 2 સાચા છે.
(D) વિધાન-1 અને 2 ખોટા છે.

048. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં નીચે પૈકી કઈ આવક ગણવામાં આવતી નથી?

(A) જમીન-મકાનના ભાડામાંથી થતી આવક
(B) વર્ષ દરમીયાન મૂડી પર જામતું વ્યાજ
(C) પુસ્તકોના કોપી રાઈટ્સ અને પેટન્ટમાંથી મળતી આવક
(D) સેકન્ડ હેન્ડ વસ્તુના વેચાણમાંથી થતી આવક

049. રાજ્યની વિધાનસભાએ અથવા વિધાન પરિષદવાળા રાજ્યમાં, રાજ્યના વિધાનમંડળના બંને ગૃહોએ પસાર કરેલું કોઈપણ વિધેયક રાજ્યપાલની અનુમતિ વગર કાયદો બની શકતું નથી તેવી જોગવાઈ સંવિધાનમાં ક્યા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ-168
(B) અનુચ્છેદ-201
(C) અનુચ્છેદ-200
(D) અનુચ્છેદ-202

050. રાષ્ટ્રપતિને કોઈ સમયે એમ જણાય કે કાયદાનો કે હકીકતનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે થવાનો સંભવ છે, જે એવા પ્રકારનો અને એવા જાહેર મહત્ત્વનો છે કે તે અંગે ઉચ્ચતમ ન્યાયાલયનો અભિપ્રાય મેળવવો ઈષ્ટ છે, તો તેઓ સંવિધાનના ક્યા અનુચ્છેદની જોગવાઈ હેઠળ તે પ્રશ્ન ઉચ્ચતમ ન્યાયાલયને મોકલી શકશે?

(A) અનુચ્છેદ-136
(B) અનુચ્છેદ-143
(C) અનુચ્છેદ-138
(D) અનુચ્છેદ-134

051. રાજ્ય વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય ત્યારે અથવા જ્યાં રાજ્યમાં વિધાનપરિષદ હોય ત્યાં વિધાનમંડળના બંને ગૃહોનું સત્ર ચાલુ ન હોય ત્યારે સંવિધાનના ક્યા અનુચ્છેદ હેઠળની જોગવાઈ અનુસાર રાજ્યપાલ વટહુકમ બહાર પાડી શકે છે?

(A) અનુચ્છેદ-168
(B) અનુચ્છેદ-202
(C) અનુચ્છેદ-214
(D) અનુચ્છેદ-213

052. ભારતીય બંધારણનો 73 અને 74 મો બંધારણીય સુધારો ક્યા રાજ્યને લાગુ પડતો નથી?

(A) ગોવા
(B) હિમાચલ પ્રદેશ
(C) નાગાલેન્ડ
(D) ઓરિસ્સા

053. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગને ક્યા સંવિધાનીક સુધારાથી રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ તથા રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગમાં વિભાજીત કરવામાં આવેલ છે?

(A) 85 મા
(B) 89 મા
(C) 87 મા
(D) 88 મા

054. રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોની બાબતમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને ક્યા વિધાનો સાચા છે. તેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો –

(1) આ સિધ્ધાંતો દેશના રાજ્ય વહીવટમાં મૂળભૂત છે.
(2) કાયદા ઘડતી વખતે આ સિધ્ધાંતો લાગુ પાડવાની રાજ્યની ફરજ બની રહેશે.
(3) કોઈ ન્યાયાલયથી આ જોગવાઈનો અમલ કરાવી શકાશે.

(A) 2 અને 3
(B) 1, 2 અને 3
(C) 1 અને 2
(D) 1 અને 3

055. રાજ્ય જાહેર સેવા આયોગના સભ્યની બાબતમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) તેઓને રાજ્યપાલ નીમે છે.

(2) તેઓની હોદાની મુદત પૂરી થયેથી તે હોદ્દા ઉપર ફેર નિમણૂંક થઈ શકે છે.

(3) તેઓની નિમણૂંક માટે સંવિધાનમાં શૈક્ષણિક લાયકાતોની જોગવાઈ કરેલી છે.

(4) તેઓ સંઘ કે રાજ્ય આયોગના અધ્યક્ષ બનવાપાત્ર છે.

(A) 1 અને 4 સાચા છે
(B) 1, 2 અને 4 સાચા છે
(C) 1, 2, 3, અને 4 સાચા છે
(D) 2 અને 3 સાચા છે

056. સંવિધાનમાં રાષ્ટ્રપતિને વટહુકમ જાહેર કરવાની જે સત્તા અપાયેલ છે તેના સંદર્ભમાં નીચેના વિધાનો વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) સંસદના બંને ગૃહોની બેઠક ચાલુ ન હોય ત્યારે અને રાષ્ટ્રપતિને તાત્કાલિક પગલું ભરવાની જરૂરિયાત વિશે સંતોષ થાય તો વટહુકમ જાહેર કરી શકે છે.

(2) આ વટહુકમ કાયમી ધોરણે અમલમાં રહે છે.

(3) રાષ્ટ્રપતિની આ વટહુકમો જાહેર કરવાની સત્તા જે બાબતો પરત્વે સંસદ કાયદા ઘડી શકે છે તે બાબતો સુધી જ વિસ્તરે છે.

(A) 1 અને 2 સાચા છે
(B) માત્ર 1, જ સાચો છે
(C) 1 અને 3 સાચા છે
(D) 1, 2 અને 3 સાચા છે

057. કેન્દ્રીય સતર્કતા આયોગમાં મુખ્ય સતર્કતા આયુક્ત અને અન્ય સતર્કતા આયુક્તની નિમણૂક નિયત કરાયેલ સમિતિની ભલામણનો આધાર કોના દ્વારા અપાય છે?

(A) વડાપ્રધાન દ્વારા
(B) રાષ્ટ્રપતિ દ્વારા
(C) કેન્દ્રીય કેબિનેટ સચિવ દ્વારા
(D) કેન્દ્રીય ગૃહ સચિવ દ્વારા

058. કોઈપણ રાજ્યમાં બંધારણીય તંત્રની નિષ્ફળતાના કેસમાં સંઘીય કેબીનેટનું લખાણ મળ્યા પછી રાષ્ટ્રપતિ તે રાજ્યમાં સંવિધાનના ક્યા અનુચ્છેદની જોગવાઈ હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે?

(A) 354
(B) 359
(C) 356
(D) 360

**059.** લોકપાલ અધિનિયમ હેઠળ અધ્યક્ષ ઉપરાંત વધુમાં વધુ કેટલા સભ્યો રાખવાની જોગવાઈ છે?

(A) 6 (B) 8

(C) 4 (D) 5

**060.** કોઈ રાજ્યના રાજ્યપાલનો એવો અભિપ્રાય થાય કે, એંગ્લો-ઈન્ડિયન કોમને રાજ્યની વિધાનસભામાં પ્રતિનિધિત્વ હોવું જોઈએ અને તેમાંપૂરતું પ્રતિનિધિત્વ મળ્યું નથી તો તે કોમના કેટલા સભ્યને વિધાનસભામાં નિયુક્ત કરી શકશે?

(A) -2 (B) -3

(C) -1 (D) એકપણ નહી

**061.** સૂચના : નીચે આપેલ ચિત્રમાં (1) થી (4) ક્યુ ચિત્ર બાકી બધાથી અલગ પડે છે?



(A) ઉપરોક્ત (1) પરનું ચિત્ર બાકી બધાથી અલગ છે

(B) ઉપરોક્ત (2) પરનું ચિત્ર બાકી બધાથી અલગ છે

(C) ઉપરોક્ત (3) પરનું ચિત્ર બાકી બધાથી અલગ છે

(D) ઉપરોક્ત (4) પરનું ચિત્ર બાકી બધાથી અલગ છે

**062.** ડાબી બાજુ આપેલ જોડના તર્કનો આધાર લઈ જમણી બાજુની જોડ પૂરી કરો.

FGHI : OPQR : : BCDE : .......................

(A) KLMJ (B) KLMN

(C) TUVW (D) STUV

**063.** નીચે દર્શાવેલ સમીકરણના તર્કના આધારે સાચો જવાબ પસંદ કરો.

$3 \times 4 \times 0 = 304$, $6 \times 5 \times 3 = 635$, $7 \times 8 \times 9 = ?$

(A) 789 (B) 879

(C) 798 (D) 978

**064.** નીચેના ખૂટતી સંખ્યા શોધો.

| | | |
|---|---|---|
| 20 | 12 | 8 |
| 12 | 8 | 20 |
| 8 | 20 | 12 |
| 50 | 22 | ? |

(A) 28 (B) 24

(C) -19 (D) -18

**065.** જો B = 2, BAT = 23 હોય તો BALL = કેટલા થાય?

(A) 25 (B) 28

(C) 27 (D) 26

**066.** નીચે દર્શાવેલમાં અસંગત શું છે?

(A) બટેટા (B) ડુંગળી

(C) લસણ (D) ટમાટર

**067.** નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી ક્યો વિકલ્પ વિસંગત છે?

(A) ADFH (B) LNOR

(C) HKMO (D) SVXZ

**068.** રૂપિયા 16,800 નું વાર્ષિક $6\frac{1}{4}\%$ ના દરે 9 માસનું સાદું વ્યાજ કેટલું થાય?

(A) 887.50 પૈસા (B) રૂ. 785.50 પૈસા

(C) રૂ. 687.50 પૈસા (D) રૂ. 787.50 પૈસા

**069.** નીચેના સમીકરણમાં *ની જગ્યાએ આપેલ વિકલ્પો પૈકી ક્યા વિકલ્પમાં દર્શાવેલ ચિન્હો મૂકી શકાય?

6 * 2 * 3 * 5 * 6 = 30

(A) +, ÷, ×, – (B) ×, –, ÷, +

(C) ÷, –, +, × (D) +, ×, –, ÷

070. જો 6 વ્યક્તિઓનો 15 દિવસનો પગાર રૂ. 2,100 હોય તો, 9 વ્યક્તિઓનો 12 દિવસનો પગાર કેટલો થાય?

(A) રૂપિયા 2540
(B) રૂપિયા 2520
(C) રૂપિયા 2100
(D) રૂપિયા 2510

071. ક, ખ તથા ગ અનુક્રમે રૂ. 60,000, રૂ. 80,000 અને રૂ. 1,00,000 રોકીને એક ધંધો શરૂ કરે છે. વરસના અંતે રૂ. 36,000/- નો નફો થયો છે. તેમના રોકાણનું પ્રમાણ 3 : 4 : 5 નું છે, તો દરેકને કેટલો નફો મળશે?

(A) ક-રૂ. 9,000, ખ-રૂ. 12,000, ગ-રૂ. 15,000
(B) ક-રૂ. 10,000, ખ-રૂ. 11,000, ગ-રૂ. 15,000
(C) ક-રૂ. 9,000, ખ-રૂ. 12,000, ગ-રૂ. 15,000
(D) ક-રૂ. 10,000, ખ-રૂ. 11,000, ગ-રૂ. 15,000

072. FORTRAN એ પ્રોગ્રામ માટેની ભાષા છે. FORTRAN એટલે....

(A) File Translation
(B) Format Translation
(C) Formula Translation
(D) Floppy Translation

073. જો કોઈ ફૂટ ભાષામાં SISTER ને RHRSDQ લખવામાં આવે છે, તો એ જ ભાષામાં UNCLE ને ક્યા રૂપમાં લખવામાં આવે?

(A) TMBKD
(B) TBMKD
(C) TVBOD
(D) TMKBD

074. "એપલ"ની સ્થાપનામાં નીચેના પૈકી કોણ ન હતું?

(A) સ્ટીવ જોબ્સ
(B) સ્ટીવ બીઝનીયાબ
(C) રોનાલ્ડ વોયને
(D) ટીમ કૂબ

075. NSGM નું પુરૂં નામ શું છે?

(A) નેશનલ સ્માર્ટ ગ્રીડ મીશન
(B) નેશનલ સિક્યોરીટી ગાર્ડસ મિલીટરી
(C) ન્યૂ સ્માર્ટ ગ્રીડ મીશન
(D) ઉપર પૈકી એકપણ નહી

076. નીચે દર્શાવેલા વિટામીન્સ પૈકી ક્યુ વિટામીન રક્ત સ્કંદન (Blood Coagulation) માટે મદદરૂપ છે?

(A) વિટામીન એ

(B) વિટામીન એ તથા બી

(C) વિટામીન ડી તથા કે

(D) વિટામીન કે

077. સ્વચ્છ આકાશ વાદળી/આસમાની (Blue) રંગનું શાને કારણે દેખાય છે?

(A) પ્રકાશનો વિક્ષેપ (Dispersion of Light)

(B) પ્રકાશનું વિવર્તન (Diffraction of Light)

(C) પ્રકાશનું પ્રત્યાવર્તન (Refraction of Light)

(D) પ્રકાશનું પ્રતિબિંબ/પરાવર્તિત પ્રકાશ (Reflection of Light)

078. કાગળનો માવો બનાવવા માટે ક્યા પ્રકારની કાચી સામગ્રી ઉપયોગમાં લેવામાં આવે છે?

(A) કપાસનો છોડ

(B) શેરડીના કૂચા

(C) પાપ્લર ઝાડ

(D) ઈમારતી લાકડું

079. નીચેનામાંથી સૌથી વધુ લવચીક (elastic) કોણ છે?

(A) ગ્લાસ

(B) સ્ટીલ

(C) સ્પોન્જ

(D) રબ્બર

080. ફાસ્ટ બ્રીડર રીએક્ટરમાં ઈંધણ તરીકે ................ વપરાય છે.

(A) યુરેનિયમ પ્લુટોનિયમ

(B) યુરેનિયમ પ્લુટોનિયમ ઓક્સાઈડ

(C) યુરેનિયમ થોરિયમ ઓક્સાઈડ

(D) ઉપર પૈકી એકપણ નહી.

081. "ઓપરેશન શક્તિ" - ન્યૂકલિયર વેપન પ્રોગ્રામ વખતે ભારતના પ્રધાનમંત્રી કોણ હતા?

(A) શ્રી અટલ બિહારી વાજપેયી

(B) શ્રી આઈ. કે. ગુજરાલ

(C) શ્રી એચ. ડી. દેવગોવડા

(D) શ્રી પી. વી. નરસિંહરાવ

082. બ્રેડ બનાવવા માટે યીસ્ટની ઉપયોગ થાય છે કારણ કે તે ............... ઉત્પન્ન કરે છે.

(A) બેક્ટેરિયા
(B) સ્યુગર
(C) કાર્બન ડાયોક્સાઈડ
(D) ઓક્સિજન

083. યાદી A તથા B ને યોગ્ય રીતે જોડીને વિકલ્પ પસંદ કરો.

| 'A' | 'B' |
|---|---|
| (i) બેટરી ચાર્જર | (1) વિદ્યુત શક્તિનું યાંત્રિક શક્તિમાં રૂપાંતર |
| (ii) બેટરી | (2) યાંત્રિક શક્તિનું વિદ્યુત શક્તિમાં રૂપાંતર |
| (iii) વોશીંગ મશીન | (3) રાસાયણિક શક્તિનું વિદ્યુત શક્તિમાં રૂપાંતર |
| (iv) ડાયનેમો | (4) યાંત્રિક શક્તિનું રાસાયણિક શક્તિમાં રૂપાંતર |

(A) (i) - 4 (ii) - 3 (iii) - 1 (iv) - 2
(B) (i) - 4 (ii) - 3 (iii) - 2 (iv) - 1
(C) (i) - 1 (ii) - 2 (iii) - 3 (iv) - 4
(D) (i) - 3 (ii) - 4 (iii) - 1 (iv) - 2

084. ટેલીવીઝનના પડદા પર જોવા મળતા બધા રંગો નીચે પૈકી કોનામાંથી બનતા હોય છે?

(1) લાલ
(2) વાદળી
(3) લીલો
(4) પીળો

(A) 1, 2, 3 અને 4
(B) 2, 3 અને 4
(C) 1, 2 અને 3
(D) 1, 3, અને 4

085. સોલર-ઈંપલ્સ વિમાનને જુલાઈ, 2016 માં પોતાની વિશ્વ ભ્રમણ યાત્રા નીચે દર્શાવેલ સ્થાન પૈકી ક્યા સ્થાન પર પૂરી કરી હતી?

(A) મસ્કત
(B) ટોકિયો
(C) અદન
(D) અબૂધાબી

**086.** સ્વિટઝરલેન્ડની આલ્પ્સ પહાડની નીચે બનાવવામાં આવેલ વિશ્વની સૌથી લાંબી સુરંગ વાહનવ્યવહાર માટે ડિસેમ્બર-16 માં ખુલ્લી મૂકવામાં આવેલ છે, તેની લંબાઈ કેટલી છે?

(A) 60 કિલોમીટર (B) 55 કિલોમીટર

(C) 57 કિલોમીટર (D) 62 કિલોમીટર

**087.** રિયો ઓલમ્પિક, 2016 માં ભાગ લીધેલ બધા ખેલાડીઓમાં 13 વર્ષીય ગૌરિકા સિંહ સૌથી નાની વયની ખેલાડી હતી, તે ક્યા દેશનું પ્રતિનિધિત્વ કરતી હતી?

(A) નેપાળ (B) ભૂતાન

(C) શ્રીલંકા (D) ફ્રાન્સ

**088.** ક્રિસ્ટીયાનો રોનાલ્ડોને ડિસેમ્બર 2016 માં 'બૈલન ડી ઓર' ખિતાબ કેટલામી વાર જીતેલ છે?

(A) બીજી (B) ત્રીજી

(C) ચોથી (D) પ્રથમ

**089.** રણથંભોરની પ્રખ્યાત વાઘણનું ઓગસ્ટ 2016 માં મૃત્યુ થયેલ છે, તેનું નામ શું હતું?

(A) રાણી (B) કનક

(C) સોનલ (D) મછલી

**090.** ઓગસ્ટ, 2016 માં ભારતની પહેલી સશસ્ત્ર પરમાણુ સબમરીનનો નૌકાદળમાં સમાવેશ કરવામાં આવેલ છે, તેનું નામ .................. છે.

(A) આઈ. એન. એસ. અરિહંત (B) આઈ. એન. એસ. વિક્રાંત

(C) આઈ. એન. એસ. તેજસ (D) આઈ. એન. એસ. વિરાટ

**091.** નીચેની બાબત વિચારણામાં લઈને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) બંગાલ કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ

(2) ઈન્ડિયન ડ્રગ્ઝ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ

(3) રાજસ્થાન ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ

(4) સાર્વજનિક હિન્દુસ્તાન એન્ટીબાયોટિક્સ લિમિટેડ

આ ચાર કંપનીઓ પૈકી કઈ કંપની/ઓને બંધ કરવા માટે ડિસેમ્બર, 2016 માં કેન્દ્રિય કેબીનેટે મંજૂરી આપેલ છે?

(A) 1 અને 4 (B) 2 અને 3

(C) માત્ર 1 (D) 1, 2, 3 અને 4

**092.** ડિઝીટલ લેવડ-દેવડના પ્રોત્સાહન માટે સરકાર દ્વારા સપ્ટેમ્બર-2016 માં પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરેલ છે, તેમાં ક્યો વિકલ્પ સાચો નથી?

(A) સામાન્ય ગ્રાહકો માટે "લકી ગ્રાહક યોજના" છે.

(B) વેપારીઓ માટે "ડિઝીધન વ્યાપાર યોજના" છે.

(C) આ યોજનામાં માત્ર ગ્રામીણ વિસ્તારના જ ટ્રાન્ઝેક્શનોનો સમાવેશ થશે.

(D) કોઈપણ પ્રકારના પોતાના ક્રેડિટ/ડેબીટ કાર્ડ તથા ઈ-વોલેટથી થયેલ ટ્રાન્ઝેક્શન માન્ય ગણાશે.

**093.** કેન્દ્ર સરકાર દ્વારા ડિસેમ્બર, 2016 માં કરવામાં આવેલ નિવેદન અનુસાર ડૉ. ભીમરાવ આંબેડકરની જયંતીને ક્યા રાષ્ટ્રીય દિવસના રૂપમાં મનાવવામાં આવશે?

(A) રાષ્ટ્રીય ગૌરવ દિવસ (B) રાષ્ટ્રીય જલ દિવસ

(C) રાષ્ટ્રીય પરિવર્તન દિવસ (D) રાષ્ટ્રીય શિક્ષા દિવસ

**094.** રાષ્ટ્રપતિ ભવનમાં પ્રોફેસર યૂ લાંગ યૂ ને બીજો ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ "ગણમાન્ય ભારતવિદ" પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ છે, તેઓ ક્યા દેશના છે?

(A) જાપાન (B) કોરિયા

(C) તિબેટ (D) ચીન

**095.** સિનિયર સિટીઝનો માટે રેલવેમાં આરક્ષણ મેળવવા માટે ક્યારથી આધાર કાર્ડ ફરજિયાત બનાવવામાં આવેલ છે?

(A) તા. 1-2-2017 (B) તા. 1-3-2017

(C) તા. 1-4-2017 (D) તા. 1-5-2017

**096.** ભારતમાં ''સિલ્વર એલિફન્ટ એવોર્ડ'' કઈ રમત માટે આપવામાં આવે છે?

(A) કબડ્ડી (B) કુસ્તી

(C) ખો-ખો (D) સ્કાઉટ અને ગાઈડ

**097.** યાદી 'અ' અને યાદી 'બ' ને જોડીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| 'અ' | 'બ' |
|---|---|
| (i) એક્સપેન્ડીચર મેનેજમેન્ટ કમીશન | (1) યુવીન્દર સિંહ મલિક |
| (ii) ઈન્ટરનેશનલ બેન્ક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેંટ | (2) બિમલ જાલન |
| (iii) નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા | (3) મિસ્ટર મેંગ હોંગવેઈ |
| (iv) ઈન્ટરપોલ (Interpol) | (4) મિસ્ટર ક્રિસ્ટલીના જ્યોર્જીયેવા |

(A) (i)-2, (ii)-4, (iii)-1, (iv)-3 (B) (i)-1, (ii)-4, (iii)-2, (iv)-3

(C) (i)-2, (ii)-3, (iii)-1, (iv)-4 (D) (i)-2, (ii)-3, (iii)-4, (iv)-1

**098.** સરકારી આરોગ્ય ક્ષેત્રમાં 'ઈ-હેલ્થ પ્રોજેક્ટ' શરૂ કરનાર ક્યું રાજ્ય પહેલું છે?

(A) આંધ્રપ્રદેશ (B) કેરાલા

(C) તમિલનાડુ (D) ગુજરાત

**099.** 'સ્વયંમ પ્રભા' ની બાબતમાં ક્યો વિકલ્પ સાચો નથી?

(A) આ એક ઉચ્ચ પ્રકારનો શૈક્ષણિક પ્રોગ્રામ છે

(B) આ પ્રોગ્રામ ટેલીવીઝનની 32 ડીટીએચ ચેનલ પર પ્રસારિત થાય છે.

(C) આ પ્રોગ્રામ 24 કલાક માટે પ્રસારિત થાય છે.

(D) આ પ્રોગ્રામ શિક્ષકોને તાલીમ આપવા માટેનો છે.

**100.** ભારતીય રિઝર્વ બેન્ક નોટ મુદ્રણ પ્રાઈવેટ લિમિટેડ અનુસાર રૂપિયા 2000/- ની નોટના છાપકામ માટે મુદ્રણ ખર્ચ કેટલો થાય છે?

(A) રૂપિયા 3.09 પૈસા (B) રૂપિયા 3.54 પૈસા

(C) રૂપિયા 3.50 પૈસા (D) રૂપિયા 3.48 પૈસા